E-ISSN No : 2454-9916 | Volume : 6 | Issue : 7 | July 2020

RASHTRANIRMAN MA SHIKSHAN NI BHUMIKA

રાષ્ટ્રનિર્માણમાં શિક્ષણની ભૂમિકા

Rajendrasinh A. Mahida

પ્રસ્તાવના :
શિક્ષણ દ્વારા બાળકના શરીર, મન અને આત્મામાં રહેલા સર્વશ્રેષ્ઠ અંશોને બહાર લાવી તેનો સર્વાંગી વિકાસ કરી શકાય છે. સ્ત્રી અને પુરુષ કોઈપણ જાતના બંધન અને ભેદભાવ વગર શિક્ષણ મેળવવાને હક્કદાર છે. શિક્ષણ ત્યાં સુધી ઉપયોગી નથી જ્યાં સુધી તે એક સારા નાગરિકનું નિર્માણ ના કરી શકે. શિક્ષણ દ્વારા સારા નાગરિકનું નિર્માણ કરીને રાષ્ટ્રને વધુને વધુ શક્તિશાળી બનાવી શકાય છે. શિક્ષણ એ વ્યક્તિને સ્વનિર્ભર બનાવી પોતાનું અને પોતાના પરિવારના ભરણપોષણમાં સહાયક બનવા માટે સક્ષમ બનાવનાર છે. શૈક્ષણિક સંસ્થાઓમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ અને સમાન શિક્ષણ દ્વારા બાળકોમાં વિવિધ મૂલ્યો ખીલે છે જે રાષ્ટ્રીય ઐક્ય અને રાષ્ટ્રનિર્માણમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે.

શિક્ષણ લોકશાહી ઢબે :
ઈતિહાસમાં વિશ્વના મોટાભાગના દેશોમાં રાજાશાહી અને અમલદારશાહી શાસનવ્યવસ્થા હતી. આ શાસનવ્યવસ્થામાં સર્વસત્તા કોઈ એક વ્યક્તિ અથવા વ્યક્તિઓના સમૂહ હસ્તગત રહેતી. સિક્કાની બે બાજુઓ હોય છે તેમ આ શાસનવ્યવસ્થાની નકારાત્મક બાબતો પણ છે. આપખુદશાહી, શોષણ, પ્રજાની ઉન્નતિની અવગણના વગેરે દૂષણો ઉપરોક્ત શાસન વ્યવસ્થાના નકારાત્મક પાસાં છે.

ભારત વર્ષો સુધી ગુલામીની સાંકળોમાં બંધાયેલું હતું જે ગાંધીજીના નેતૃત્વ હેઠળ આઝાદ થયું. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ ના રોજ સ્વતંત્રતા મેળવનાર ભારતે તેનું લોકશાહી બંધારણ બાબાસાહેબની મદદથી ૨૬ મી જાન્યુઆરી, ૧૯૫૦ ના રોજ અમલમાં મૂક્યું.

જહોન ડ્યુઈએ (૧૯૧૩) કહ્યું છે કે,

“શિક્ષણના અભાવે લોકશાહી અપંગ, નિર્જીવ અને અસ્થિર છે જ્યારે લોકશાહીના અભાવે શિક્ષણ શુષ્ક, નીરસ અને મૃતઃપાય છે.”

આમ જહોન ડ્યુઈ જે પ્રવિધિ વિશે લખે છે તે મુજબ લોકોને તૈયાર કરવાનું કાર્ય શિક્ષણનું છે. લોકશાહીમાં એવી શિક્ષણ વ્યવસ્થા હોય કે જેથી બાળક યોગ્ય નાગરિક બને. એવાં કાર્યો કરે કે જેથી પોતાનું અને અન્યનું હિત સચવાય અને રાષ્ટ્ર કલ્યાણનાં કાર્યો થાય.

સમાન શિક્ષણની તક :
ભારતની શાળાઓમાં બધા જ ધર્મના અને બધી જ જાતિના વિદ્યાર્થીઓ એક સાથે શિક્ષણ લેતા હોવાથી તેમના મનમાં પરસ્પર પ્રેમ, ભ્રાતૃભાવ અને એકતાની લાગીણી જન્મે છે. શિક્ષણ દ્વારા સમાન સંસ્કૃતિ, સમાન ધ્યેયો, સ્વાતંત્ર્યનો ઈતિહાસ અને સાહિત્ય દ્વારા રાષ્ટ્રીય ઐક્યની ભાવના જાગ્રત થઈ શકે છે. ભારતના બંધારણમાં ભારતના નાગરિકને કોઈપણ જાતના ભેદભાવ વગર સમાન અધિકાર અને તક આપવામાં આવ્યાં છે. ભારતમાં દરેક માટે સમાન કાયદો અને કાયદા સમક્ષ દરેક વ્યક્તિને સમાન ગણી ઊંચનીચ કે જાતિવાદના ભેદભાવને રદિયો આપ્યો છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૧૯૮૬ મુજબ,

“ભારતીય સમાજની બહુવિધ સંસ્કૃતિને કારણે શિક્ષણ દ્વારા એવાં વિશ્વમાન્ય અને શાશ્વત મૂલ્યોના પ્રસ્થાપનની જરૂર છે કે જેના વડે વ્યક્તિમાં આપણા દેશવાસીઓ પ્રત્યે સંપ અને એકતાની લાગણી જાગે અને ધાર્મિક અંધશ્રધ્ધા, હિંસા, વહેમ જેવાં દૂષણો દૂર કરી શકાય.”

રાષ્ટ્રની પ્રજાને સમાન શિક્ષણની તકથી પ્રજા વચ્ચે ઐક્ય સધાય તો સમગ્ર રાષ્ટ્ર એક વ્યક્તિ બની જાય છે. પ્રજા પોતાનાં ભેદભાવો ભૂલી જઈને સંગઠિત થઈ જાય તો તે એક રાષ્ટ્ર બની જાય છે.

આર્થિક ઉપાર્જનની સમાન તક :
શિક્ષણ એ જીવનલક્ષી પ્રક્રિયા છે આથી જ તેનો વ્યાપ અનંત છે. કેળવણી એ જન્મથી મૃત્યુ પર્યંત ચાલતી પ્રક્રિયા છે. તે કારણે જ વ્યક્તિ સમગ્ર જીવન દરમિયાન સુખી જીવન જીવી શકે તે માટે તેને સક્ષમ બનાવવાનું કાર્ય પણ કેળવણીનું છે. દેશના આર્થિક વિકાસમાં શિક્ષણની અહમ્ ભૂમિકા વિશે સંદેહને કોઈ સ્થાન નથી. શિક્ષણનું મહત્ત્વનું કાર્ય છે વ્યક્તિના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ અને આ વિકાસ જ દેશના આર્થિક વિકાસનો મુખ્ય આધાર બને છે. જો રાષ્ટ્રની શિક્ષણ વ્યવસ્થા પરિણામલક્ષી અને સુનિયોજિત હશે તે દેશને મૂડીના સ્ત્રોતોનો અભાવ ક્યારેય પરેશાન કરતો નથી.

આર્થિક ઉપાર્જનમાં શિક્ષણની ભૂમિકા અંગે ડીન રસ્કે જણાવ્યું છે કે,

“શિક્ષણ એ કાંઈ મોજ-શોખની વસ્તુ નથી, જેનો બોજો વિકાસ થયા પછી જ ઉપાડી શકાય. શિક્ષણ સ્વયમ્ વિકાસની પ્રક્રિયાનો જ એક અંતર્ગત, આવશ્યક અને ખૂબ શક્તિશાળી ઘટક છે.”

શિક્ષણ એ માનવમાં કરવામાં આવતું મૂડીરોકાણ છે. માનવીને શિક્ષિત અને કૌશલ્યયુક્ત બનાવવા શિક્ષણમાં મૂડી રોકાણ કરવું પડે છે. જેના લીધે શ્રેષ્ઠ માનવબળનું નિર્માણ થાય છે. શિક્ષિત માનવીઓ હવે મૂડી

તરીકે કાર્ય કરીને વિવિધ ક્ષેત્રોમાં જઈને વધુને વધુ ઉત્પાદનો મેળવી વધુ આવક પ્રાપ્ત કરે છે.

વિવિધ મૂલ્યોની ખિલવણી :
કહેવાય છે કે, શિક્ષણ દ્વારા વ્યક્તિનો સર્વાંગી વિકાસ તો થાય છે પણ સાથે-સાથે તેનામાં વિવિધ મૂલ્યોનું સિંચન પણ થાય છે. શિક્ષણ દ્વારા જ વ્યક્તિને મૂલ્યોની ઓળખ અને સમજ આપી શકાય છે અને ક્રમશઃ તેના વિકાસ સાથે તેની ખિલવણી કરી શકાય છે. રાષ્ટ્રના સુંદર નિર્માણ માટે વિવિધ મૂલ્યો જેવા કે નૈતિક, આધ્યાત્મિક, સામાજિક, આર્થિક, શારીરિક, જૈવિક, રાજકીય તેમજ વૈશ્વિક મૂલ્યોને ખિલવી શકાય છે.

સત્ય, સર્વધર્મ સમભાવ, ફરજ, પ્રામાણિકતા, સહકાર, માનવતા, સ્વરક્ષણ સ્વદેશ પ્રેમ, વિશ્વબંધુત્વ આ તમામ મૂલ્યોની ખિલવણી રાષ્ટ્રના વિકાસ અને નિર્માણમાં અગત્યની ભૂમિકા ભજવે છે.

બિનસાંપ્રદાયિકતા :
ભારતીય સંસ્કૃતિ તેના જન્મકાળથી જ ધર્મ આધારિત રહી છે. ભારતમાં ધર્મનું જીવનમાં વિશેષ મહત્વ રહેલું છે. સમયાંતરે ભારતમાં વિભિન્ન આધારો પર અનેક ધાર્મિક સંપ્રદાયો વિકસિત થયા. અનેક અન્ય ધર્મીઓ પૃથ્વીના વિવિધ ભાગોમાંથી આવીને અહીં વસ્યા છે. અહીં આવી તેઓએ પોતાના મૂળધર્મના અસ્તિત્વને ટકાવી રાખ્યું તથા વિસ્તરણ કર્યું. તેના પરિણામ સ્વરૂપે ભારત ધાર્મિક વિભિન્નતા ધરાવતું એક રાષ્ટ્ર બની ગયું. ધાર્મિક મતમાંતરોને કારણે ભારતીય સંવિધાનના નિર્માતાઓએ ભારતમાં બિનસાંપ્રદાયિક રાજ્યની સ્થાપનાની ઘોષણા કરી. આમ એક ધર્મપ્રધાન દેશમાં બિનસાંપ્રદાયિક રાષ્ટ્રની સ્થાપના થઈ.

ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂએ બિનસાંપ્રદાયિકતાને સ્પષ્ટ કરતા લખ્યું છે કે,

"બિનસાંપ્રદાયિકતા કોઈ ધર્મ સંકિર્ણતા નથી, પરંતુ એ તો ધાર્મિક વ્યાપકતા છે. અર્થાત્ ધર્મ પૂર્ણ સ્વતંત્ર છે. રાજ્ય પોતાના વ્યાપક કાર્યો દ્વારા દરેક ધર્મને સંરક્ષણ અને એવી તક આપશે જેથી સહિષ્ણુતા અને સહકારની ભાવના વિકસાવી શકે."

સંવિધાનમાં બિનસાંપ્રદાયિકતાના સંદર્ભે જે પણ વ્યવસ્થા છે તે મુખ્યત્વે સૈદ્ધાંતિક છે. જેને વ્યવહારિક સ્વરૂપમાં રજૂ કરવાનું કાર્ય કાયદો કરે છે. પરંતુ ઘણીવાર એવું માલૂમ પડ્યું છે કે, કેટલાક કાર્ય કાનૂનની સાપેક્ષે શિક્ષણ દ્વારા વધુ સફળતાપૂર્વક સંપાદિત થાય છે. બિનસાંપ્રદાયિકતાની વ્યવસ્થા કાનૂન દ્વારા બળપૂર્વક લાગુ પાડી શકાય છે, પરંતુ તેને જનજીવનનું અંગ બનાવી શકાતું નથી. આ કાર્ય માત્ર શિક્ષણ દ્વારા શક્ય બને છે.

શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્રનિર્માણ :
રાષ્ટ્રીય એકતા સમિતિ (૧૯૬૧) ના મુજબ,

"રાષ્ટ્રીય એકતા એક મનોવૈજ્ઞાનિક અને શૈક્ષણિક પ્રક્રિયા છે, જેના દ્વારા લોકોના હૃદયમાં એકતા, સંગઠન અને નિકટતાની ભાવના, સમાન નાગરિકતાની અનુભૂતિ અને રાષ્ટ્ર પ્રત્યે નિષ્ઠા અને ભક્તિની ભાવનાનો વિકાસ કરવામાં આવે છે."

રાષ્ટ્રીય એકતા એ નાગરિકોમાં એકતા સુદ્રઢતા અને રાષ્ટ્રપ્રેમની ભાવનાનો વિકાસ છે. આ ભાઈચારો અને રાષ્ટ્રીયતાની સકારાત્મક લાગણી છે. ધર્મ, જાતિ, વર્ણ, ભાષા વગેરેના ભેદભાવ ભૂલી તમામ રાષ્ટ્રવાદીઓ એકસમાન છે, તેવી ભાવના જ રાષ્ટ્રીય એકતા છે જે રાષ્ટ્રનું નિર્માણ કરે છે.

શાળામાં કરવામાં આવતી અભ્યાસિક તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા રાષ્ટ્રના ઘડતરનું કાર્ય સુમેળભર્યું જોવા મળે છે. વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે, પ્રાર્થનાસભા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી, રાષ્ટ્રગીત, પ્રવાસ મુલાકાત, પ્રદર્શન, પ્રોજેક્ટ, ગણવેશ, રાષ્ટ્રીય પ્રતિકો, વિવિધ ધાર્મિક પર્વોની ઉજવણી, પ્રવચનો, રમતગમત, એન.એસ.એસ., એન.સી.સી. સ્કાઉટ ગાઈડ, શિબિરો, સેમિનાર, પરિષદો વગેરે જેવી વિશિષ્ટ પ્રવૃત્તિઓ દ્વારા રાષ્ટ્રીય એકતાનો વિકાસ થઈ ઉત્તમ રાષ્ટ્રનિર્માણ શક્ય બને છે.

ઉપસંહાર :
શિક્ષણ દ્વારા રાષ્ટ્રીય એકતાની ભાવનાને પ્રેરિત અને સંવર્ધિત કરી શકાય છે, પરંતુ જ્યાં સુધી શિક્ષકોની આ વિશે સજ્જતા નહીં હોય ત્યાં સુધી કોઈપણ શૈક્ષણિક કાર્યક્રમને સફળ નહીં બનાવી શકાય. આજના વિદ્યાર્થીઓ ભાવિ નાગરિકો છે, જે રાષ્ટ્રની ઉજ્જવળ આવતીકાલ છે. શાળાએ સમાજની લઘુ આવૃત્તિ છે. જેથી શાળાનું વાતાવરણ રાષ્ટ્રીય એકતાનું પ્રેરક હોય છે એ ખૂબ આવશ્યક છે. નિષ્પક્ષતા, તટસ્થતા, સમાનતા, સહિષ્ણુતા, પ્રમાણિકતા જેવા મૂલ્યોનું સિંચન એ રાષ્ટ્રનિર્માણના ઘડતરમાં અગત્યની ભૂમિકા ભજવે છે, કે જે શિક્ષણથી જ શક્ય બને છે.

સંદર્ભસૂચિ :

૧. મોદી, બી.એમ., પંડ્યા, જે.એન., શુક્લ ડી.એસ અને અન્ય (૯૩-૯૪), 'વિકાસમાન ભારતીય સમાજમાં શિક્ષક' વારિપેણ પ્રકાશન, અમદાવાદ.

૨. જોશી અને ભોગાયતા, 'વિકાસશીલ ભારતીય સમાજમાં શિક્ષણ અને શિક્ષક', અનડા બુક ડીપો.

૩. શાસ્ત્રી જયેન્દ્ર, 'કેળવણીના તાત્વિક આધારો', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૪. દેસાઈ ધનવંત અને શાહ ગુણવંત, 'શિક્ષણની વર્તમાન ફિલસૂફીઓ', અનડા પ્રકાશન, અમદાવાદ.

5. x¢éŒ¼ Ýy‰¢éH¢H (૧૯૮૭), '[illegible] Ð[illegible] [illegible]', [illegible] [illegible], [illegible]

6. Paliwal M.R., "Social Change and Education", Uppal Publishing House, New Delhi.